# ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત Reshuffling (રાઉન્ડ-૨) માં ભાગ લેવા માટેની પ્રક્રિયા

1. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ કાયમ કરાવ્યા બાદ Reshuffling (બીજા રાઉન્ડ) માં ભાગ લેવા ઈચ્છતા હોય, **તેવા ઉમેદવારોએ સંસ્થા ખાતે રિપોર્ટીંગ કરવાની જરૂરિયાત નથી.**
2. Reshuffling (બીજા રાઉન્ડ) માં ભાગ લેવા માટે અગાઉનો પ્રથમ રાઉન્ડનો પ્રવેશ રદ કરવો જરૂર નથી.
3. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ રદ કરેલ ઉમેદવાર પણ Reshuffling (બીજા રાઉન્ડ) માં ભાગ લઈ શકશે. પરંતુ પ્રથમ રાઉન્ડમાં ફાળવાયેલ પ્રવેશ જો ઉમેદવારે રદ કરાવેલ હશે તો તે જ પ્રવેશ ઉમેદવારને Reshuffling (બીજા રાઉન્ડ) માં નિયમોનુસાર ફાળવવામાં આવશે નહિ.
4. બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટે ઉમેદવારોએ તા. ૧૭-૦૭-૨૦૧૭ થી તા. ૨૦-૦૭-૨૦૧૭ સુધીમાં પોતાના User-ID અને Password ની મદદથી www.gujacpc.nic.in વેબસાઈટમાં log-in થઈ, Reshuffling માં ભાગ લેવા માટેની **ઓનલાઈન સંમતિ (Consent)** આપવાની ફરજિયાત રહેશે અન્યથા બેઠક ફાળવણીની પ્રક્રિયામાં સમાવેશ થશે નહીં.
5. કાઉન્સેલીંગના બીજા તબક્કામાં ભાગ લેવા માટે સંમતિ (Consent) આપનાર ઉમેદવાર ઈચ્છે તો પોતાની પસંદગી યાદી (Choice list)માં ફેરબદલ કરી શકશે અને/અથવા નવી પસંદગી ઉમેરી શકશે અન્યથા તેઓ દ્વારા અગાઉ કરવામાં આવેલ પસંદગી યાદી કાયમ રહેશે.
6. આપનાથી ઉચ્ચ મેરીટ ધરાવતા ઉમેદવારોને પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર દર્શાવેલ ખાલી બેઠકમાં પ્રવેશ મળવાની શક્યતાના લીધે તેઓ દ્વારા ખાલી થતી આનુષાંગીક બેઠકોને ધ્યાને લઈ ખાલી બેઠકોની યાદીમાં સામેલ ન હોય તેવી બેઠકોની પણ પસંદગી (Choice) ભરવા આપને સલાહ આપવામાં આવે છે.
7. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવાયેલ ઉમેદવાર જો બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટેની ઓનલાઈન સંમતિ આપશે, અને બીજા રાઉન્ડમાં ભાગ લેશે ત્યારે તેઓની પસંદગીનાં આધારે જો બીજા રાઉન્ડમાં પ્રવેશ ફેરબદલ થશે, **તો પ્રથમ રાઉન્ડમાં ફાળવવામાં આવેલ પ્રવેશ આપોઆપ રદ થઈ જશે.**
8. જો બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં નહીં આવે અને નિયત સમયમર્યાદામાં જો પ્રથમ રાઉન્ડનો પ્રવેશ કન્ફર્મ કરાવેલ હશે, **તો પ્રથમ રાઉન્ડ ઉપર ફાળવવામાં આવેલી બેઠકનો પ્રવેશ ચાલુ રહેશે.**

તા. ૧૮-૦૭-૨૦૧૭

— મેમ્બર સેક્રેટરી